| SAURASHTRA UNIVERSITY<br>Exam Section-02 | | સૌરાષ્ટ્ર યુનિવર્સિટી<br>પરીક્ષા વિભાગ-૦૨ |
|---|---|---|
| University Campus. University Road,<br>RAJKOT- 360 005 | Re-Accredited Grade "A" by NAAC<br>(CGPA 3.05) | યુનિવર્સિટી કાર્યાલય, યુનિવર્સિટી રોડ,<br>રાજકોટ-૩૬૦ ૦૦૫ |

ટેલીફોન : (૦૨૮૧) ૨૫૭૬૫૧૧, ૨૫૭૬૦૩૦, ૨૫૭૬૦૪૦, ૨૫૭૬૦૫૦ એક્સટેન્શન નંબર •૭૩૪ - ૭૬૫

ફેકસ નંબર : (૦૨૮૧) – ૨૫૮૬૪૧૧ વેબસાઈટ www. saurashtrauniversity. edu


નં/પરીક્ષા/૦૨/૦૨/ ૮૫ /૨૦ તારીખ: ૩/૨/૨૦૨૦

પરીપત્ર:

**વિષય: સેમેસ્ટર ૨ અને ૪ ની પ્રાયોગિક પરીક્ષા બાબત**

આથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન આર્ટસ, સાયન્સ, કોમર્સ, બિઝનેસ મેનેજમેન્ટ, હોમ-સાયન્સ, ગ્રામવિદ્યા તથા પરફોર્મિંગ આર્ટસ વિદ્યાશાખાઓના યુ.જી.નો અભ્યાસક્રમ ચલાવતા આચાર્યશ્રીઓને સવિનય જણાવવાનું કે, સને ૨૦૨૦ના પ્રથમ છ માસ દરમ્યાન લેવાનાર પરીક્ષાઓમાં જે વિષયોમાં પ્રાયોગિક પરીક્ષાઓ લેવાની થાય છે, ત્યાં જુન-૨૦૧૦થી અમલમાં આવેલ સી.બી.સી.એસ. અંતર્ગત સેમેસ્ટર ૦૨ અને ૦૪ ના રેગ્યુલર તેમજ રીપીટર વિદ્યાર્થીઓની પ્રાયોગિક પરીક્ષા કોલેજ કક્ષાએ (સ્થાનીક ધોરણે) નીચે દર્શાવેલ તારીખ દરમ્યાન તમામ કોલેજનાં આચાર્યશ્રીઓ દ્વારા ગોઠવવાની રહેશે, અને તેની જાણ કોલેજનાં વિદ્યાર્થીઓને કરવાની રહેશે. આચાર્યશ્રી દ્વારા ગોઠવાયેલ પ્રાયોગિક પરીક્ષાઓના કાર્યક્રમની નકલ તેમજ આચાર્યશ્રી દ્વારા પ્રાયોગિક પરીક્ષાનાં પરીક્ષકોને અપાયેલા નિમણુંકનાં ઓર્ડર પરીક્ષા શરૂ થયાના ૦૩ દિવસ પહેલા સ્કેન કરીને Exam02@sauuni.ac.in માં EMAIL કરવાનો રહેશે. પરીક્ષા કાર્યક્રમ, પરીક્ષક ઓર્ડરની હાર્ડ કોપી મોકલવાની નથી.

| ક્રમ | વિદ્યાશાખા | કોર્સ | સેમેસ્ટર | પ્રાયોગિક પરીક્ષા સમયગાળો |
|---|---|---|---|---|
| ૧ | વિજ્ઞાન | B.Sc<br>મેથ્સ, કેમેસ્ટ્રી, ફીઝીક્સ, માઈક્રોબાયોલોજી...વગેરે | ૨ અને ૪ | તારીખ: ૦૫-૦૩-૨૦૨૦ થી ૧૦-૦૪-૨૦૨૦ |
| ૨ | વિજ્ઞાન | ક્રમ ૧ સિવાયના કોર્સ | ૨ અને ૪ | તારીખ: ૧૦-૦૨-૨૦૨૦ થી ૦૯-૦૩-૨૦૨૦ |
| ૩ | આર્ટસ, કોમર્સ, બિઝનેશ મેનેજમેન્ટ, હોમસાયન્સ, ગ્રામવિદ્યા, પરફોર્મિંગ આર્ટસ | સંબંધીત તમામ કોર્સ | ૨ અને ૪ | તારીખ: ૧૦-૦૨-૨૦૨૦ થી ૦૯-૦૩-૨૦૨૦ |

સેમેસ્ટર -૦૨ અને ૦૪ (સી.બી.સી.એસ.)નાં રેગ્યુલર તથા રીપીટર વિદ્યાર્થીઓનાં માર્ક્સ નીચે મુજબ જણાવેલ યુનિવર્સિટીનાં સોફ્ટવેર ઉપર ઓનલાઈન એન્ટ્રી દ્વારા મુકવાના રહેશે, ઓનલાઈન એન્ટ્રી માટેની તારીખનો પરિપત્ર હવે પછી પરીક્ષા વિભાગ દ્વારા જાહેર કરવામાં આવશે. સી.બી.સી.એસ.ની પ્રાયોગિક પરીક્ષાઓ માટે કોલેજનાં આચાર્યશ્રીને વિનંતી કરવામાં આવે છે કે, સંબંધીત વિદ્યાર્થીઓના પ્રાયોગિક પરીક્ષાઓના માર્કસની ઓન-લાઈન એન્ટ્રી થયા બાદ SAVE કરીને તેની પ્રિન્ટ કાઢીને તેની ખરાઈ કરી તેમાં જે તે વિષયનાં અધ્યાપકશ્રી તથા આચાર્યશ્રીએ સહી-સિક્કા કરી કોલેજનાં રેકોર્ડ પર રાખવાની રહેશે. યુનિવર્સિટીને જરૂર પડે ને મંગાવે ત્યારે નકલ આપવાની રહેશે.

:::- ઓનલાઈન એન્ટ્રી -:::

૦૧. સી.બી.સી.એસ. હેઠળનાં સાયન્સ - હોમસાયન્સ અને મેનેજમેન્ટ વિદ્યાશાખાઓનાં સેમેસ્ટર-૦૨ તથા સેમેસ્ટર-૦૪નાં રીપીટર વિદ્યાર્થીઓની પ્રાયોગિક ગુણની એન્ટ્રી MINDLOGICX નાં સોફ્ટવેરમાં કરવાની રહેશે. (આવા વિદ્યાર્થીઓ વર્ષ ૨૦૧૨ તથા ૨૦૧૩માં એનરોલમેન્ટ/ એનલીસ્ટ/ પી.જી. રજીસ્ટ્રેશન થયેલ હશે અને તેમના નંબરની સીરીઝ ૧૨/૧૩ થી શરૂ થતી હશે.)

૦૨. સી.બી.સી.એસ. હેઠળનાં સેમેસ્ટર-૦૨ તથા સેમેસ્ટર-૦૪ની તમામ વિદ્યાસાખાઓનાં રેગ્યુલર તથા રીપીટર વિદ્યાર્થીઓની પ્રાયોગિક ગુણની એન્ટ્રી G.I.P.L.ના સોફ્ટવેરમાં કરવાની રહેશે.

વિદ્યાર્થીઓનાં સીટ નંબરની યાદી જે કોલેજને મળેલ ન હોય તેવા સંજોગોમાં વિદ્યાર્થીઓના નામ અને એનરોલમેન્ટ નંબર ઉપર પ્રાયોગિક પરીક્ષા લેવડાવવાની રહેશે.

P.T.O

વધુમાં જણાવવાનું કે આચાર્યશ્રીઓએ પ્રાયોગિક પરીક્ષામાં પોતાની કોલેજનાં શૈક્ષણિક માન્યતા ધરાવતા સીનીયર અધ્યાપકોને નિમણુંક આપી પ્રાયોગિક પરીક્ષાઓ લેવડાવવાની રહેશે, અને જો કોલેજમાં માન્ય અધ્યાપક ન હોય તો, ત્યાંથી નજીકની કોલેજમાંથી શૈક્ષણિક માન્યતા ધરાવતા અધ્યાપકનો સંપર્ક કરીને પરીક્ષા પૂર્ણ કરવાની રહેશે.

પરીક્ષકશ્રીઓએ કોઈ પણ પ્રકારનું ગ્રેસિંગ કરવાનું નથી તેમજ નિયમાનુસાર આઉટ ઓફ ટર્ન પરીક્ષા લેવાની રહેશે નહી.

રવીવાર તથા જાહેર રજાના દિવસોએ પ્રાયોગિક પરીક્ષા ગોઠવવી નહી.

પ્રાયોગિક પરીક્ષાના સંચાલન પેટે સબંધીત કોલેજનાં આચાર્યશ્રીને કો-ઓર્ડીનેટર તરીકે નિમણુંક કરવા અથવા આચાર્યશ્રી જે અધ્યાપકને નિયુક્ત કરે તેમને રૂ. ૧૨૫/- (રૂપિયા એકસો પચ્ચીસ)નું મહેનતાણું પ્રતિ-દિન ચુકવવું. આ બાબત ફક્ત ગ્રાન્ટેડ અને સરકારી કોલેજને જ લાગુ પડશે.

આ કાર્યાલયનાં તા.૧૭.૦૮.૨૦૧૩નાં પરિપત્ર ક્રમાંક પરીક્ષા/૦૨/૧૫૫૧/૨૦૦૯ અનુસાર સેલ્ફ ફાઈનાન્સ કોલેજ તથા ગ્રાન્ટેડ કોલેજોમાં સેલ્ફ ફાઈનાન્સ કોર્ષ ચલાવતી કોલેજોએ પ્રાયોગિક પરીક્ષા સંચાલનનો તમામ ખર્ચ ભોગવવાનો રહેશે, ખર્ચના હિસાબોની ફાઈલ તૈયારી કરી કોલેજે પોતાના રેકોર્ડ ઉપર રાખવાના રહેશે. જે યુનિવર્સિટીની જરૂરીયાત ઉભી થયે માંગવાથી રજુ કરવાના રહેશે.

ઉપર મુજબની જાણ કોલેજનાં શૈક્ષણિક/બિનશૈક્ષણિક કર્મચારીઓના ધ્યાન પર મુકવા અને જરૂરી વ્યવસ્થા ગોઠવવા યોગ્ય કરશોજી.

પરીક્ષા નિયામક

નં/પરીક્ષા/૦૨/૦૨/ ૮૫ /૨૦૨૦
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય,
યુનિવર્સિટી કેમ્પસ,
યુનિવર્સિટી રોડ,
રાજકોટ-૩૬૦૦૦૫
તા. ૩ /૦૨/૨૦૨૦

પ્રતિ,

૦૧. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન આર્ટસ, કોમર્સ, સાયન્સ, બિઝનેસ મેનેજમેન્ટ, હોમ-સાયન્સ, ગ્રામવિદ્યા તથા પરફોર્મિંગ આર્ટસ વિદ્યાશાખાઓનાં યુ.જી.નો અભ્યાસક્રમ ચલાવતી કોલેજોના આચાર્યશ્રીઓ તરફ.....

નકલ રવાના: (જાણ સારૂ)

૦૧. માન. કુલપતિશ્રી/ માન. ઉપકુલપતિશ્રી/ માન.કુલસચિવશ્રીનાં અંગત સચિવશ્રી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.

નકલ રવાના: (યોગ્ય થવા અર્થે)

૦૧. મુખ્ય હિસાબી અધિકારીશ્રી, હિસાબ વિભાગ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.

૦૨. ઓડીટરશ્રી, ઓડીટ વિભાગ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.

૦૩. વિભાગીય અધિકારીશ્રી, પરીક્ષા વિભાગ - ૦૧,૦૩,૦૪,૦૫, પરીક્ષા સેલ તથા પરીક્ષા કોમ્પ્યુટર, તેમજ G.I.P.L અને MINDLOGICX

૦૪. ડાયરેક્ટરશ્રી, કોમ્પ્યુટર સેન્ટર, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.

૦૫. પરીક્ષા સ્ટોર્સ વિભાગ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ. (પ્રાયોગિક પરીક્ષાઓ માટેની ઉતરવહીઓ તથા ગ્રાફ પેપર્સ સબંધીત કોલેજને સમયસર પહોચતા કરવા અર્થે)

નોંધ:- એવું અનુભવમાં આવેલ છે કે કોલેજ દ્વારા GIPL સોફ્ટવેર અંતર્ગતના વિદ્યાર્થીઓની વિદ્યાર્થીઓની ENTRY MINDLOGICX સોફ્ટવેર અંતર્ગત કરવામાં આવે છે અને MINDLOGICX સોફ્ટવેર અંતર્ગતના વિદ્યાર્થીઓની ENTRY GIPL સોફ્ટવેર અંતર્ગત કરવામાં આવે છે. ત્યાર બાદ કોલેજ અને વિદ્યાર્થીઓની રજૂઆત યુનિવર્સિટી પર સતત આવતી હોય છે અને અંતે વિદ્યાર્થીઓને નુકશાની થાય છે. આમ ન બને તેની કાળજી લેવામાં આવે તે જરૂરી છે.